# લીંબુ બાદ હવે ટામેટાનો વારો

## ૪૦ રૂપિયામાં વેચાતા ટામેટાનો ભાવ વધીને ૮૦ રૂપિયા

ગાંધીનગર, તા. ૫

શહેરમાં મોંઘવારીનો ભાર વધતો જ જાય છે. લીંબુ બાદ હવે ટામેટાનો વારો આવ્યો છે. ટામેટાનો ભાવ ૪૦ રૂપિયા હતો જે વધીને ૬૦થી ૮૦ રૂપિયા થઈ ગયો છે. છેલ્લા ત્રણ દિવસમાં જ ટામેટાના ભાવમાં મોટો વધારો નોંધાયો છે. ટામેટાના ભાવ એકાએક વધતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. મહત્વનું છે કે ટામેટાનો પણ દરેક વાનગી બનાવવામાં ઉપયોગી થાય છે. ઉનાળો આવતા શાકભાજીની આવક ઓછી થઈ જાય છે જેમાં થોડાક અંશે ભાવ વધારાની દહેશત વર્તાય છે જ્યારે આ તો ૪૦ રૂપિયા એકાએક ભાવ વધી ગયો છે. ભાવ વધતા ભોજનની થાળીમાંથી લીંબુ ગાયબ થયું તેમજ હવે ટામેટા પણ ગાયબ થાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. એક તો ગૃહિણીઓ મોંઘવારીથી પરેશાન તો છે જ તેમાં ટામેટાનો પણ ભાવ વધારો થવાથી ફરીથી ગૃહિણીઓ મુશ્કેલીમાં મુકાઈ જશે. ટામેટા તો દરેક વાનગીમાં નાખવામાં આવતા હોય છે જેમાં કાપ મુકવાનો વારો આવ્યો છે. હોટલ, રેસ્ટોરન્ટમાં ટામેટાના સલાડ મુકવામાં આવે છે જે હવે તેમાં પણ અદૃશ્ય થઈ જાય તો નવાઈ નહી.

લીંબુના ભાવે લોકોને રડાવ્યા ત્યારે હવે ટામેટાના ભાવ જોઈને પણ આંખો પહોળી થાય તો નવાઈ નહી. કારણ કે છેલ્લા ત્રણ દિવસમાં સતત ટામેટાના ભાવમાં વધારો નોંધાયો છે. દિવસે ને દિવસે દરેક વસ્તુઓમાં ભાવ વધારો થઈ રહ્યો છે તેથી ગરીબ અને મધ્યમ વર્ગને કરકસર કરવામાં ફાંફા પડી રહ્યા છે. ખાણી-પીણીના ભાવ વધવાથી ગરીબ માણસોને અસહ્ય મુશ્કેલીઓ પડે છે. શાકભાજીમાં આગવું સ્થાન ધરાવતા ટામેટા જેને દરેક શાકમાં ઉમેરવામાં આવે છે તેની કિંમતમાં વધારો થવાથી ગૃહિણીઓમાં અસમંજસ થઈ ગઈ છે. નોકરીયાત વર્ગમાં પણ આ મોંઘવારીનો માર સહન કરવો અઘરો બની ગયો છે. પેટ્રોલથી માંડી તમામ જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવમાં વધારો થઈ રહ્યો છે તેથી મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગની કમર કસાઈ રહી છે.



## ગાંધીનગર મને ગમે છે...



**એમ.કે.રાણા**
(DYSP ગાંધીનગર)

અહીની મહેકમાં શાંતિનો અહેસાસ થાય છે. ઊચાટ થાય જ નહી, છુટુ છુટું, રોડ પહોળા, હરિયાળુ ગાંધીનગર... અહી રહેવા વાળા લોકો પણ શાંત, સમજુ, જતુ કરવાની ભાવનાવાળી, કાપદાનું પાલન કરવાવાળા કાયદાને માનવાવાળા બહુ ખોટુ કાંઈ કરવાની ભાવના નહી, એકબીજા પ્રત્યે લાગણી, પ્રેમ વર્તાવ, હળીમેળીને પોતપોતાની રીતે જીવન જીવવા વાળા લોકો છે. અહી રહેતા સ્થાનિક લોક, ઓફિસરો, રાજકીય પક્ષોના લોકો, વકીલો, પત્રકારોવધાના જ સ્વભાવ એકબીજાને આદર આપવાની જ ભાવનાવાળી છે. મોનિંગ-ઈવનીંગ વોકીંગ માટે હરિયાળા પાટનગરની સુંદર વ્યવસ્થા છે. અહીના લોકો જીંદગી જીવે છે માણે છે. વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે લાયબ્રેરી, ખુશન કલાસીસ વર્લ્ડ કલાસ યુનિવર્સિટી સ્કુલ, કોલેજની સગવડ અદભુત છે. સંસ્કૃતિ કુંજ, સવિતા ઊધાન, અક્ષરધામ, મહાત્મ મંદિર, સોલ્ટમાઉન્ટ, રેલ્વે સ્ટેશન, લીલા હોટલસ આ બધું જ ખબ સરસ છે. કોરોના કાળમાં અનેક સંસ્થાઓ એ ખૂબ જ મદદ કરી લોકોએ પણ સરકાના નિયમો પોતાને તકલીફ હોવા છતા સરળતાથી સ્વીકાર્યા એકબીજાને મદદ કરી સેવા તમામ ગાંધીનગરની જનતાને તથા વહીવટી તંત્ર, પોલીસ તંત્ર, મેડીકલ સ્ટાફ, સફાઈ કમી, તમામને બીરદાવ્યા પણ ખરા એટલે જ સલામ કરું છે.

# પીડીઈયુ રોડ પર રાહદારીઓ માટે છાશ વિતરણની સેવા



ગાંધીનગર, તા.૦૫

વૈશાખી બપોરે આકાશમાંથી અગનગોળાની જેમ આકરી ગરમી વરસી રહી છે જેનાથી નાગરિકો ત્રસ્ત છે. આ સ્થિતિમાં નાગરિકો "ઉનાળાનું અમૃત" કહેવાતી છાશનો ઉપયોગ વધુ કરતાં હોય છે. આજે ગાંધીનગરમાં રાયસણ વિસ્તારના પીડીઈયુ રોડ ખાતે સંત રાજેન્દ્રસિંહ મહારાજ સાહેબ સેવા સેન્ટર - અમદાવાદ દ્વારા સતત વધતી જતી અસહ્ય ગરમીમાં રાહદારીઓ માટે ખાસ ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું જેનો રાહદારી ભાઈ-બહેનોએ લાભ લીધો હતો.

# એલઆઈસીના આઈપીઓમાં યુવા રોકાણકારોએ વધુ રસ દાખવ્યો

ગાંધીનગર, તા.૦૫

આજથી ભારતીય જીવન વીમા નિગમનો આઈપીઓ શરૂ થયો છે જેને ગાંધીનગર સહિત સર્વત્ર પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડવા પામ્યો છે. આ આઈપીઓમાં યુવા રોકાણકારોએ અભૂતપૂર્વ રસ દાખવ્યો છે જે અગ્રણી ડીજીટલ બ્રોકરેજ પ્લેટફોર્મે પણ એલઆઈસીના આઈપીઓમાં પ્રથમ દિવસે થયેલી ઓનલાઇન અરજીઓ વિશે દર્શાવેલી માહિતીથી જણાઈ રહ્યું છે જે અનુસાર પેટીએમ મની પ્લેટફોર્મ પર ૩૦ વર્ષથી ઓછી વય ધરાવતા આશરે ૫૦ ટકાથી વધુ રોકાણકારોએ પ્રથમ દિવસે એલઆઈસી આઈપીઓમાં અરજી કરી છે. વળી, પ્રથમ દિવસે પેટીએમ મની પર અરજીઓ કરનારની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો છે. છેલ્લા પાંચ આઈપીઓમાં પ્રથમ દિવસે સરેરાશ અરજીઓની તુલનામાં પેટીએમ મની પર ૨૦ ગણા અરજી કરનાર નોંધાયા છે. એલઆઈસી આઈપીઓમાં સરેરાશ મૂડીરોકાણની રકમ ૫૫ ટકા વધારે રહી છે. આ ઉપરાંત પેટીએમ મની દ્વારા તાજેતરમાં હાઈ નેટવર્ક ઈન્વેસ્ટર્સનો પ્રવાહ જોવા મળ્યો છે, જે યુપીઆઈનો ઉપયોગ કરીને રોકાણકારોને રૂ.પાંચ લાખ સુધીનું રોકાણ કરવાની સગવડ આપવામાં આવી રહ્યું છે. લાંબા સમયથી રોકાણકારો જેની રાહ જોઈ રહ્યાં હતા તે એલઆઈસીના આઈપીઓની ઐતિહાસિક બાબત ધ્યાનમાં લઈએ તો પેટીએમ મની પ્લેટફોર્મ પર ૩૦ વર્ષથી ઓછી વય ધરાવતા આશરે ૫૦ ટકાથી વધુ રોકાણકારોએ પ્રથમ દિવસે એલઆઈસી આઈપીઓમાં અરજી કરી છે. ૩૦ વર્ષથી ઓછી વયના ૪૫ ટકાથી વધુ અરજી કરનારા જોવા મળ્યા છે. પ્રથમ દિવસે મોટાભાગના અરજી કરનારા એલઆઈસીના પોલિસીધારકો હતા, જેમાંના મોટાભાગના ૩૦ વર્ષથી વધુ વયના છે. વધુ રસપ્રદ બાબત એ છે કે એલઆઈસીના આઈપીઓને દેશભરમાં વ્યાપક પ્રતિસાદ મળ્યો છે અને ભારતના ટોચના પાંચ શહેરોમાં ૧૮ ટકાથી ઓછી અરજી થઈ નોંધાઈ છે. મહિલા રોકાણકારોનું યોગદાન એકંદર અરજીઓમાં પ્રથમ દિવસે ૧૦ ટકા જેટલું રહ્યું છે. પુરૂષ રોકાણકારોની તુલનામાં મહિલા રોકાણકારોની રોકાણની સાઈઝ અંશતઃ વધુ જોવા મળી છે. પેટીએમ મનીના સીઈઓ અરૂણ શ્રીધર જણાવે છે કે "એલઆઈસી આઈપીઓ અપેક્ષા મુજબ ભારતના મૂડી બજાર માટે સિમાચિહ્નરૂપ છે. અમને રોકાણકાર સમુદાય તરફથી અને ખાસ કરીને નવા રોકાણકારો તરફથી ખૂબ મજબૂત પ્રતિભાવ પ્રાપ્ત થયો છે. પેટીએમ મની ઉપર એલઆઈસી આઈપીઓના ત્રણ રોકાણકારોમાંથી એક પ્રથમ વખત રોકાણ કરનાર ઈન્વેસ્ટર છે.

# ઘોંઘાટ કરતા લાઉડ સ્પિકર્સ સાથે આવતાં ફેરિયાઓથી શહેરીજનો ત્રસ્ત..!!

**ગાંધીનગરની વસાહતો-સોસાયટીઓમાં વેળા-કવેળાએ ધસી આવતાં અને આવા ફેરિયાઓના લાઉડસ્પિકર્સના નિયત કરતા વધુ મોટાં અવાજ પર નિયંત્રણ કોણ સાધશે? પુછતા હે ગાંધીનગર : પરીક્ષાની તૈયારીઓ કરતાં વિદ્યાર્થીઓ કે નિંદરમાં સુતેલા નાના ભૂલકાંઓથી માંડીને બિમાર-વયોવૃદ્ધ વડીલો માટે ત્રાસજનક બનતાં ફેરિયાઓના ઘોંઘાટીયા લાઉડસ્પિકર્સ**



ગાંધીનગર, તા.૦૫

"એ ટામેટાં આવ્યાં, લીલા નારિયેળ આવ્યાં કે શક્કરટેટી આવી અથવા ફિનાઈલ-એસિડ લઈ લો..." જેવા ફેરિયાઓ દ્વારા લાઉડ સ્પિકરમાં પાડવામાં આવતી બુમોથી આપ પરેશાન છો? અત્યારે દેશભરમાં મંદિર-મસ્જિદો પર લાઉડ સ્પીકરનો વિવાદ ચગ્યો છે, દેશની અદાલતે અવાજની ફ્રિક્વન્સીની મર્યાદા નિર્ધારિત કરી છે જે અનુસાર લાઉડ સ્પિકરનો ઉપયોગ કરી શકાય છે. જોકે નિર્ધારિત મર્યાદા કરતા ઘોંઘાટ કરતાં લાઉડ સ્પીકરોનો મુદ્દો વિવિધ વાર-તહેવારે ઉભો થતો જ હોય છે. જોકે ગાંધીનગરમાં પણ અત્યારે સવાર-સાંજ એક નવા જ પ્રકારના લાઉડ સ્પિકરના ઘોંઘાટનો ત્રાસ શહેરીજનો સહન કરી રહ્યાં છે જેનો ઉપયોગ કોરોના મહામારીના આગમન પછી જોવા મળી રહ્યો છે અને આ ઘોંઘાટ એટલે રોજબરોજ રહેણાંક વિસ્તારોમાં પોતાની ચીજ વસ્તુઓ વેચવા લારી-રીક્ષા કે અન્ય વાહનો લઈને આવતા ફેરિયાઓ દ્વારા ગ્રાહકોને આકર્ષવા વગાડવામાં આવતા બેટરી સંચાલિત ચાર્જેબલ બેટરી ઓપરેટેડ હેન્ડી લાઉડ સ્પિકરોનો છે જેના ઘોંઘાટ પર નિયંત્રણ સાધવું જરૂરી જણાઈ રહ્યું છે.

કોરોના મહામારીના પ્રારંભે જ્યારે પ્રથમવાર લોકડાઉન લગાડવામાં આવ્યું તે પછી ચોતરફ સંક્રમણનો ડર એટલો બધો વ્યાપ્ત હતો કે દરેક રહેણાંક વિસ્તારની વસાહતો, સોસાયટીઓ કે ફ્લેટ વગેરેમાં બહારની કોઈપણ વ્યક્તિને પ્રવેશ નહીં આપવા દેવાનું નાગરિકોએ સામુહિક રીતે નક્કી કરવામાં આવતું હતું જેમાં કેટલીક વસાહતોમાં તો અખબારના ફેરિયાઓ સુદ્ધાંને પણ પ્રવેશબંધી ફરમાવી દેવામાં આવી હતી. આ દરમ્યાન જીવનજરૂરી ચીજવસ્તુઓ જેવી કે દૂધ-શાકભાજી-ફળફળાદિ વગેરે માટે સોસાયટીમાં ફેરિયાઓને આવવા દેવા કે નહીં તે અંગે લગભગ દરેક વસાહતોમાં વાદ-વિવાદ ચાલતાં હતા અને મોટાભાગની વસાહતોમાં તેમના પ્રવેશ પર મનાઈ ફરમાવી દેવાઈ હતી. આ પછી જ્યારે લોકડાઉન થોડીઘણી છૂટછાટો સાથે હળવું થયું ત્યારે પણ આ પ્રતિબંધ મોટેભાગે યથાવત રહેવા પામ્યો ફેરિયાઓ કે આ છુટક વેપારીઓને તેમના લારી હોય કે લોડીંગ રીક્ષા કે ટેમ્પો સહિતના વાહન સોસાયટીની બહાર જ

ઉભા રાખીને સોસાયટીમાં માત્ર ગ્રાહકોને બોલાવવા "બુમ" પાડવાની છુટ આપવામાં આવી રહી છે જેના કારણે વસાહતીઓને ખબર પડી શકે કે શું વેચાવા આવ્યું છે પરંતુ કેટલાંક નિયમિત ગ્રાહકો દ્વારા તેમના નિયત ફેરિયાને ફરિયાદ કરવામાં આવતી હતી કે તેઓ ક્યારે આવીને જતા રહે છે તેની ખબર જ નથી પડતી. આપણે ત્યાં પેલી પ્રચલિત કહેવત છે કે "ઊંટે કાઢ્યાં ઢેકા તો માણસે બનાવ્યાં કાઠાં" તે અનુસાર કેટલાંક ફેરિયાઓ બુમો પાડવાની મજુરીમાંથી છુટકારો કે રાહત મળે તે અને તેમ છતાં કોઈ નિયમિત ગ્રાહક છુટી ના જાય તદુપરાંત વધારે ગ્રાહકો સુધી તેમનો અવાજ પંહોચાડી શકે તે માટે બજારમાં મળતા તે પણ મોટેભાગે ચાઈનીઝ બનાવટના હેન્ડી લાઉડ સ્પિકર્સનો ઉપયોગ કરવા લાગ્યાં છે જે ચાર્જેબલ બેટરી ઓપરેટેડ હોવાથી ખૂબ ઝડપથી પ્રચલિત બની ગયાં છે અને આજે લગભગ બધા ફેરિયા તેનો ઉપયોગ છુટથી કરે છે. આ પ્રકારના લાઉડસ્પિકરમાં વોલ્યુમ વધારવા-ઓછો કરવાની સગવડ હોય છે પરંતુ મોટેભાગે ફેરિયાઓને તેને હાઈ વોલ્યુમ પર જ રાખીને ઉપયોગ કરે છે. વળી કેટલાંક લાઉડ સ્પિકર્સમાં તો સતત એકધારી રીતે રેકોર્ડેડ વોઈસ ઓડિયો સાથે મ્યુઝિક વગાડવાની પણ સુવિધા હોય છે જેના ઉપયોગથી તેઓ વારંવાર જાતે બુમો પાડ્યાં વગર પણ પોતાના માલસામાનની જહેરાત કરી શકે છે. જોકે આ રીતે સતત મોટા અવાજે રેકોર્ડેડ વોઈસ ઓડિયો અને વચ્ચે વચ્ચે હાઈ વોલ્યુમ પર વાગતી મ્યુઝિકલ જાહેરાતો વસાહતીઓ માટે ત્રાસજનક બની રહે છે, ખાસ કરીને વહેલી સવારે જ્યારે નાના બાળકો સુતાં હોય, ઉનાળાની ભરબપોરે જ્યારે બિમાર દર્દીઓ કે કાળઝાળ ગરમીથી ત્રસ્ત થઈને વયોવૃદ્ધ વડીલો મીઠી વામકુક્ષી માણી રહ્યાં હોય કે શાળા-કોલેજોના વિદ્યાર્થીઓને મહત્વની પરીક્ષાઓની તૈયારીઓ ચાલતી હોય ત્યારે તેમને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે.

### નિયત કરતાં વધુ "ડેસીબલ"થી ઉપયોગ પર દંડનીય કાર્યવાહી જરૂરી

મોટેભાગે ચાઈનીઝ બનાવટના આવતા રીચાર્જેબલ બેટરી ઓપરેટેડ હેન્ડી લાઉડ સ્પિકર્સમાં કેટલાંક મોડેલમાં એકવાર રેકોર્ડિંગ કરી લીધા પછી તેને સતત એકધારી રીતે તે રેકોર્ડેડ વોઈસ ઓડિયો સાથે મ્યુઝિક વગાડવાની પણ સુવિધા હોય છે જેના ઉપયોગથી ફેરોયાઓ વારંવાર જાતે બુમો પાડ્યાં વગર પણ પોતાના માલસામાનની જહેરાત કરી શકે છે. જોકે આ રીતે સતત મોટા અવાજે રેકોર્ડેડ વોઈસ ઓડિયો અને વચ્ચે વચ્ચે હાઈ વોલ્યુમ પર વાગતી મ્યુઝિકલ જાહેરાતો મોટેભાગે વસાહતીઓ માટે ખુબ ત્રાસજનક બની રહે છે, કેટલીકવાર તો જાહેરાત શેની છે તે પણ સ્પષ્ટ સંભળાય નહીં તેટલો ઘોંઘાટ સર્જાતો હોય છે. ઘણીવાર તો નજીકમાં હોસ્પિટલ કે દવાખાના અથવા લાયબ્રેરી હોય તો તેનું પણ ફેરિયાઓ દ્વારા ધ્યાન રાખવામાં આવતું નથી. શહેરમાં વહીવટીતંત્રએ આવા લાઉડ સ્પિકર્સના વોલ્યુમ નિયત મર્યાદા અનુસાર રાખીને જ વગાડાય છે કે નહીં તે ચકાસવા ખૂબ જરૂરી બન્યું છે અને અને જો વધુ પડતા અવાજે વગાડવામાં આવતા હોય તો દંડનીય કાર્યવાહી કરવી જોઈએ તેવું શહેરીજનો માની રહ્યાં છે.

# કાર પાર્ક કરવા છાંયો શોધનારે હવે, વૃક્ષ વાવવું

## વૃક્ષોની ખરી કિંમત ઉનાળાએ સમજાઈ હો ! એક લીમડો અપલોડ કરો વાદળો લાઈક કરવા આવશે

ગાંધીનગર, તા. ૫

વૃક્ષોની સાચી કિંમત નાગરિકોને ઉનાળામાં સમજાય છે. બળબળતા ઉનાળામાં તપતા સૂર્યના તડકાથી બચવા માટે માણસો વૃક્ષોનો છાંયડો શોધે છે. આમાંથી ઘણા માણસો એવા પણ હશે જેને વૃક્ષ પ્રત્યે લાગણી નહી હોય અને કોઈ દિવસ વૃક્ષ પણ ઉછેર્યું નહી હોય. શહેરમાં ઠેર ઠેર આ ઉનાળાની ગરમીમાં વૃક્ષો નીચે છાંયડો મળતા નાગરિકો ગાડીઓ પાર્ક કરી રહ્યા છે અને ગરમીથી રાહત મેળવવા માટે વૃક્ષોના છાંયડાના સહારે રાહતના શ્વાસ લે છે. વૃક્ષો અન્યના સુખ માટે છાંયડો આપે છે પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને લોકોને પોતાના ફળ આપે છે. કોરોનાએ સાચી રીતે વૃક્ષોની કિંમત માનવીને સમજાવી છે. વૃક્ષો શું નથી આપતા ફળ, ફૂલ, પાંદડા, તેના લાકડા, તેના મૂળીયા એમ આખું વૃક્ષ માનવી માટે કંઈક ને કંઈક રીતે લાભદાયી જ છે. પરંતુ માનવીને આ વૃક્ષોની કિંમત સમજવી અઘરી છે. પર્યાવરણમાં ઘણા બધા ફેરફારો થઈ રહ્યા છે પ્રદૂષણ થઈ રહ્યું છે કમોસમી વરસાદ થઈ રહ્યો છે વાવાઝોડાની અસર થઈ રહી છે. કોરોના જેવા રોગો ઉભા થઈ રહ્યા છે આટલી બધી રીતે કુદરતી સાયકલમાં ફેરફાર થઈ ગયા છે તેમ છતાં માનવીને કુદરતમાં થતા આ ફેરફારોની અસર થઈ રહી નથી. વિકાસના નામે વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે. જંગલોનો નાશ કરવામાં આવી રહ્યો છે. જેની સામે વૃક્ષારોપણ કરવું નાનીસુની વાત ગણાય છે. મોટા મોટા જંગલોનો નાશ થઈ રહ્યો છે તેની સામે વૃક્ષારોપણના દિવસે ગણતરી જેટલા વૃક્ષો વાવવા એ મોટી વાત નથી. વૃક્ષોની સંખ્યા ઘણી બધી ઓછી થઈ રહી છે. વન વિભાગવાળા પણ કોઈ ચોક્કસ આંકડો આપતા નથી. કેટલા વૃક્ષો કાપવામાં આવ્યા તેની કોઈ ચોક્કસ વિગત મળતી નથી અને ગાંધીનગરમાં વૃક્ષપ્રેમી જનતા દિવસે ને દિવસે વૃક્ષારોપણની પ્રવૃત્તિઓ કરીને શહેરમાં વૃક્ષોનું પ્રમાણ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. જન્મ દિવસ પણ વૃક્ષારોપણ દ્વારા ઉજવવામાં આવી રહ્યા છે. શહેરમાં વર્ષો પહેલા જંગલોનું રાજ હતુ એટલે જ ગ્રીન સીટી કહેવાય છે પરંતુ વધતા જતા વિકાસકામોના કારણે જંગલોમાંથી વિવિધ પ્રકારની ઈમારતો અને માર્ગો બની ગયા. ઉનાળાની તપતી ધરતીએ જનતાને વૃક્ષોની કિંમત સમજાવી છે. બપોર પડતા જ શેહરીજનો વૃક્ષોનો છાંયડો શોધી રહ્યા છે. વેપારીઓ પણ વૃક્ષોના છાંયડામાં પોતાનો વ્યવસાય કરી રહ્યા છે. દરેક માનવીને વૃક્ષોનો છાંયડો આ ઉનાળાની ગરમીમાં ઉપયોગી બની રહ્યો છે. તેથી જ વૃક્ષો વધુ વાવવા એ દરેક માટે લાભદાયી રહેશે અને પર્યાવરણમાં થઈ રહેલું નુકસાન અટકાવી શકાશે.

